શોજી. PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૧/કવા–૦૧/૧૮–૧૯/ 8713-4 તા. 14-9-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ગેલરીયા મોહનભાઈ રવજીભાઈ,
ગામ: માખીયાળા
તા. જી: જુનાગઢ
મો: ૮૧૪૧૦૯૨૯૯૦

1E

વિષય :–ખેતીવાડી જોડાણ ના શીફટીગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૧/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૮૧/ક્વા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૬–૦૯–૧૮ સ્થળ : જુનાગઢ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ગેલરીયા મોહનભાઈ રવજીભાઈ, ગામ: માખીયાળા

રજુઆત કરનાર: અરજદાર ગેલરીયા મોહનભાઈ રવજીભાઈ હાજર રહેલ છે.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી જોડાણ ના શીફટીગ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની જમીન ખેરાળા ગામ – જુનાગઢ મા આવેલ છે, જેમા વીજજોડાણ ને શીફટીગ માટે ની અરજી તા.૧૦–૦૫–૧૮ ના રોજ આપેલ, જે અનુસંધાને – પીજીવીસીએલ તરફથી જણાવેલ કે – ૦૨ એકર થી ઓછી જમીન હોય – શીફટીગ થઈ શકે નહી. તેમજ અરજદારે જણાવેલ કે – તેઓની કેરાળા વાળી જમીન ની બાજુમા ૨૦ વિઘા જમીન આવેલ છે, તો તેઓનુ હૈયાત વીજજોડાણ ગામ: માખીયાળા ખાતે આવેલ છે, જે શીફટીગ કરવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી મોહનભાઇ રવજીભાઇ ગેવેરિયા જુનાગઢ તાલુકા ના માખીયાળા ગામ સર્વે નંબર ૧૨૬/પૈકી ૧ ખાતે ખેતીવાડી વીજ કનેક્શન, ગ્રાહક નંબર ૩૬૧૨૪/૦૧૫૮૫/૪, હો.પા. ૭.૫ ને કેરાળા ગામના સર્વે નંબર ૧૨૪/૧/પૈકી ૭ ના બોર ઉપર શિફ્ટિંગ કરાવવા માટેની અરજી તારીખ ૧૦.૦૫.૨૦૧૮ ના રોજ રજીસ્ટ્રેશન ની રકમ ૨૦૦/- રસીદ નંબર WP216886 થી ભરી અને જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ આપી અને અરજી કરેલ હતી જે ખેતીવાડી વીજ કનેક્શન ની અરજી જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી માં એસ.આર. નંબર 10808576 થી નોંધાયેલ હતી.<br>ઉપરોક્ત ગ્રાહક ની અરજીના અનુસંધાને જુનાગઢ પેટાવિભાગ કચેરી દ્વારા જરૂરી સર્વે કરવામાં આવેલ અને નવી જગ્યાએ સદરહું કામ માટે 0.05 કી.મી. ની 11 કેવી લાઇન ઊભી કરવાની જરૂર હોય અને 25 કેવીએ ના ટ્રાન્સફોર્મર ના (ગ્રૂપ ટ્રાન્સફોર્મર) દ્વારા આ વીજ કનેક્શન આપવા માટેની જરૂરી મંજૂરી માટે વિભાગીય કચેરી માં પત્ર નંબર DE/JNDR/TECH/AG SHIFT/2829/DT 14.05.2018 થી મોકલવામાં આવેલ હતી ને સદર ખેતીવાડી શિફ્ટિંગ માં વિલેજ પણ બદલાતું હોય એટલેકે ( Ag Shifting with Village ) હોય સદર અરજી ને મંજૂરી અર્થે વર્તુળ કચેરી , જુનાગઢ માં પત્ર નંબર JD/REV/AG SHIFTING/3410/24.05.2018 ના રોજ મોકલવામાં આવેલ હતી અને સદર અરજી સાથેના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ ચકાસી અને વર્તુળ |

| | |
|---|---|
| | કચેરી માંથી નીચે સદર ખેતીવિષયક વીજ જોડાણ ને જે સ્થળે શિફ્ટ કરવાનું છે તે સ્થળે એટલેકે કેરાળા ગામના સર્વે નંબર ૧૨૪/૧/પૈકી ૭ ની જમીન બે એકરની ન હોવાથી GUVNL ના પરિપત્ર નંબર GUVNL-TECH-AG-CON-2189/24.10.2013 મુજબ સદર શિફ્ટિંગ થઈ શકે નહીં આથી સદર શિફ્ટિંગ ની અરજી ને નામંજૂર પત્ર નંબર SEJND/T-4/2015-16/21/OBSERVATION-REJECTION/3622/DATE 02.06.2018 થી કરવામાં આવતા જુનાગઢ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી દ્વારા આ બાબતની જાણ ગ્રાહક શ્રી મોહનલાલ રાવજીભાઇ ગેવરિયા ને પત્ર નંબર JRDS/AGSHIFTING/3464/DT 05.06.2018 થી કરવામાં આવેલ અને તેમની શિફ્ટિંગ ની અરજી રદ કરવામાં આવેલ હતી. |
| ૨.૨ | ખેતી વિષયક વીજ જોડાણ ને લાગુ પડતો પરિપત્ર GUVNL-TECH-AG CONN-2189 DATE 24.10.2013 નો અભ્યાસ કરતાં ખદ મુદ્દા નંબર 02 કે જે હયાત ખેતીવાડી વીજ જોડાણ ના સ્થળ ફેર મંજૂર કરવા માટેના નિયમો ની પેટા કલમ છ:- નવીન ખરીદેલી જમીન બે એકર કરતાં ઓછી હોય તો "બે એકર જમીન ની મર્યાદા માં વધુ માં વધુ 10% ની છૂટછાટની મંજૂરી વીજ વિતરણ કંપની ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી આપી શકશે"<br>નવી ખેતિવાડી ની જગ્યા સર્વે નંબર 241/1 પૈકી 7, ગામ કેરાળા વળી જમીન અરજદારે તારીખ 25.11.2004 ના રોજ હક પત્રક -6 નોંધ નંબર 1774 મુજબ ખરીદેલ છે અને આ જગ્યા નું ક્ષેત્રફળ 0.6474 હેક્ટર એટલેકે બે કરતાં ઓછી હોય આ પણ લાગુ પડતું નથી. આમ સદર રજૂઆત માં અરજદાર દ્વારા જે જગ્યાએ શિફ્ટિંગ કરાવવાનું છે તે જગ્યા એ તેમની ખેતીવાડી જમીન 2 એકર થી ઓછી હોય નિયમાનુસાર તેમનું ખેતીવાડી વીજ કનેક્શન શિફ્ટ કરી શકાય નહીં.. |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે — અરજદાર શ્રી મોહનભાઇ રવજીભાઇ ગેવેરિયા જુનાગઢ તાલુકા ના માખીયાળા ગામ સર્વે નંબર ૧૨૬/પૈકી ૧ ખાતે ખેતીવાડી વીજ કનેક્શન, ગ્રાહક નંબર ૩૬૧૨૪/૦૧૫૮૫/૪, હો.પા. ૭.૫ ને કેરાળા ગામના સર્વે નંબર ૧૨૪/૧/પૈકી ૭ ના બોર ઉપર શિફ્ટિંગ કરાવવા માટેની અરજી તારીખ ૧૦.૦૫.૨૦૧૮ ના અનુસંધાને ખેતી વિષયક વીજ જોડાણ ને લાગુ પડતો પરિપત્ર GUVNL-TECH-AG CONN-2189 DATE 24.10.2013 નો અભ્યાસ કરતાં જે હયાત ખેતીવાડી વીજ જોડાણ ના સ્થળ ફેર મંજૂર કરવા માટેના નિયમો - મુદ્દા નંબર (છ) મુજબ - નવીન ખરીદેલી જમીન બે એકર કરતાં ઓછી હોય તો -<br>• નવીન સ્થળે બનાવેલ કુવો / પાતાળ કુવા થી પાઈપ લાઈન દ્વારા - પોતાની માલીકી ના અન્ય સર્વે નંબર માં પિયત થતુ હોય — તે સર્વે નંબર વાળી હૈયાત ખેતી હેતુ વીજજોડાણ વગર ની જમીન મળી કુલ ઓછામા ઓછી —૦૨ એકર જમીન હોવી જોઈએ.<br>• "બે એકર જમીન ની મર્યાદા માં વધુ માં વધુ 10% ની છૂટછાટની મંજૂરી વીજ વિતરણ કંપની ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી આપી શકશે"<br>ઉપરોકત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને પત્ર તા.૦૫—૦૬—૧૮ થી નવીન સ્થળે એજી શીફટીંગ માટે ની અરજી અન્વયે — બે એકર જમીન થતી ન હોવાથી સદર અરજી રદબાતલ કરાયેલ છે, જે બાબત નિયમાધીન હોય — અરજદાર ની અરજી ગ્રાહય રાખી શકાય નહી, તેમ સદર બાબતે ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.